આજે ઓસ્ટ્રેલિયા-ભારત વચ્ચે પ્રથમ વન-ડે

# રોહિત અને કોહલી પર રહેશે નજર

**જો** કોહલી લાંબી ઇનિંગ્સ રમે છે અને રોહિત સારી શરૂઆત આપે છે તો બંનેની કારકિર્દી થોડા વધુ વર્ષો સુધી લંબાઈ શકે

**મર્યાદિત** ઓવરની ક્રિકેટમાં ગિલને કેપ્ટન તરીકે રોહિત સાથે સરખામણીનો સામનો કરવો પડશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોહોટસ્ટાર પર સવારે 9.00 વાગ્યાથી

પર્થ, તા. 18 (પીટીઆઈ): રવિવારે જ્યારે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે પ્રથમ વનડે મેચ રમશે, ત્યારે વિરાટ કોહલી અને રોહિત શર્માની ટીમમાં વાપસીને લઈને લાગણીઓ ઉપરાંત, બધાની નજર શુભમન ગિલ પર પણ રહેશે, જે આ ફોર્મેટમાં પૂર્ણ-સમયનો કેપ્ટન બન્યો છે.

માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમ્યા બાદ કોહલી અને રોહિત ભારતીય ટીમમાં પાછા ફર્યા છે. છેલ્લા સાત મહિનામાં ભારતીય ક્રિકેટે કોહલી અને રોહિત વિના T-20 અને ટેસ્ટ બંને ફોર્મેટમાં આગળ વધવાનું શીખી લીધું છે.

હવે પ્રશ્ન એ છે કે આ બે દિગ્ગજો વનડે ફોર્મેટમાં શું આપી શકે છે. રોહિતને હવે ટીમમાં એક વરિષ્ઠ ખેલાડી તરીકેની ભૂમિકા સ્વીકારવાની જરૂર છે.

બંને સારી રીતે જાણે છે કે ટીમમાં તેમનું સ્થાન હવે સુરક્ષિત નથી, અને વર્તમાન પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટ 2027 વનડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને કઠિન નિર્ણયો લેવામાં અચકાશે નહીં.

જો કોહલી તેની પરિચિત શૈલીમાં લાંબી ઈનિંગ્સ રમે છે અને રોહિત સારી શરૂઆત આપે છે, તો બંને ખેલાડીઓની કારકિર્દી થોડા વધુ વર્ષો સુધી લંબાઈ શકે છે. રોહિત અને કોહલીની મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ સાથેની જૂની દુશ્મનાવટ ફરીથી જોવાની મજા આવશે.

26 વર્ષીય ગિલને રોહિત દ્વારા કેપ્ટન તરીકે નક્કી કરેલા ધોરણો પર ખરા ઉતરવું પડશે. રોહિતની કેપ્ટનશીપ હેઠળ, ભારતે તેની વનડે મેચોમાં રેકોર્ડ 75 ટકા જીત મેળવી છે.

મર્યાદિત ઓવરની ક્રિકેટમાં ગિલને રોહિત સાથે સરખામણીનો સામનો કરવો પડશે, અને પેટ કમિન્સની ગેરહાજરીમાં પણ ઓસ્ટ્રેલિયામાં પડકાર સરળ નથી.

ટીમ મેનેજમેન્ટ રોહિત અને ગિલની સફળ જોડીને બદલશે નહીં, જ્યારે યશસ્વી જયસ્વાલ પણ એક વિકલ્પ છે. કોહલી ત્રીજા નંબરે બેટિંગ કરશે, ત્યારબાદ શ્રેયસ ઐયર અને કેએલ રાહુલનો નંબર આવશે.

મોહમ્મદ સિરાજ અને અર્શદીપ સિંહને ટેકો આપવા માટે હર્ષિત રાણા અથવા પ્રસિદ્ધ કૃષ્ણાને ત્રીજા ફાસ્ટ બોલર તરીકે પસંદ કરી શકાય છે.

કુલદીપ યાદવ અને અક્ષર પટેલ સ્પિન વિભાગ સંભાળશે. બીજી તરફ, ઓસ્ટ્રેલિયા કોનોર કોનોલી, માર્નસ લાબુશેન અને મેથ્યુ રેનશો પાસેથી સારા પ્રદર્શનની આશા રાખશે.

### રોહિત અને કોહલીએ સિરીઝ માટે સખત મહેનત કરી

રોહિત અને કોહલીએ આ સિરીઝ માટે સખત મહેનત કરી છે. રોહિતે ઘણા કિલો વજન પણ ઘટાડ્યું છે, અને કોહલી લંડનમાં એક વ્યક્તિગત ટ્રેનર સાથે તેની ફિટનેસ પર કામ કરી રહ્યો છે. બંને માટે સારી બાબત એ છે કે તેઓ ઓસ્ટ્રેલિયા સામે વાપસી કરી રહ્યા છે, જેની સામે તેમનો રેકોર્ડ સારો છે. આ સિરીઝ બંનેની કારકિર્દીની ભવિષ્યની દિશા નક્કી કરી શકે છે.

પક્તિકામાં પાકિસ્તાનના હવાઈ હુમલામાં અફઘાનિસ્તાનના 3 ક્રિકેટ ખેલાડીઓનાં મોત

# હવાઈ હુમલા બાદ અફઘાનિસ્તાન પાકિસ્તાન સાથેની ત્રિકોણીય સિરીઝમાંથી ખસી ગયું

**ત્રણેય** ખેલાડી એક મૈત્રીપૂર્ણ મેચમાંથી પરત ફરી રહ્યા હતા

**અફગાનિસ્તાન** બોર્ડે આને પાકિસ્તાની શાસન દ્વારા કાયરતાપૂર્ણ હુમલો ગણાવ્યો

કાબુલ, તા. 18 (પીટીઆઈ): પક્તિકામાં ત્રણ અફઘાન ક્રિકેટરોનાં મોત બાદ અફઘાનિસ્તાને પાકિસ્તાન સાથે જોડાયેલી આગામી ત્રિકોણીય T-20 સિરીઝમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે, અને તેને પાકિસ્તાની શાસન દ્વારા આયોજિત કાયરતાપૂર્ણ હુમલો ગણાવ્યો છે.

પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને શ્રીલંકા વચ્ચેની સિરીઝ 17થી 29 નવેમ્બર દરમિયાન રાવલપિંડી અને લાહોરમાં રમાવાની હતી.

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે એક સખત નિવેદનમાં કહ્યું હતું કે તે તેના ખેલાડીઓ કબીર, સિબઘાતુલ્લાહ અને હારુનની શહાદતથી ખૂબ જ દુઃખી છે, જેઓ પ્રાંતીય રાજધાની શરણામાં એક મૈત્રીપૂર્ણ મેચમાંથી પરત ફરતી વખતે પક્તિકા પ્રાંતના અર્ગુન જિલ્લામાં પાંચ અન્ય ખેલાડીઓ સાથે એક હુમલામાં માર્યા ગયા હતા. આ હુમલામાં સાત અન્ય ઘાયલ થયા હતા.

ACBએ એક નિવેદનમાં કહ્યું હતું કે, 'અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ પક્તિકા પ્રાંતના અર્ગુન જિલ્લામાં તેના બહાદુર ક્રિકેટરોની શહાદત પર ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. પાકિસ્તાની શાસન દ્વારા કરવામાં આવેલા કાયર હુમલામાં તેમને નિશાન બનાવવામાં આવ્યા હતા.'

તેમાં ઉમેર્યું હતું કે, 'આ અફઘાન રમતગમત સમુદાય, ખેલાડીઓ અને ક્રિકેટ સમુદાય માટે એક મોટું નુકસાન છે. પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા અને આ ઘટનાના પ્રતિભાવમાં, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે નવેમ્બરના અંતમાં પાકિસ્તાનમાં યોજાનારી ત્રિકોણીય T20 સિરીઝમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.' 'અલ્લાહ બધા શહીદોને જન્નત આપે અને ઈજાગ્રસ્તોને ઝડપથી સ્વસ્થતા આપે.'

વિવિધ અહેવાલો અનુસાર, પાકિસ્તાને પક્તિકા પ્રાંતના અર્ગુન અને બર્મલ જિલ્લામાં હવાઈ હુમલા કર્યા છે, જેના પગલે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામનો ભંગ પણ થયો છે.

સ્ટાર સ્પિનર રાશિદ ખાને પણ આ હુમલાની ટીકા કરતા કહ્યું કે અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના હવાઈ હુમલામાં નાગરિકોનાં મૃત્યુથી તે બહુ જ દુઃખી છે.

### અફઘાનિસ્તાનના ખસી ગયા બાદ પણ ત્રિકોણીય સિરીઝ સમયસર યોજાશે: પીસીબી

લાહોર, તા. 18 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) શનિવારે જાહેરાત કરી હતી કે અફઘાનિસ્તાનના ખસી જવા છતાં, ત્રિકોણીય T-20 સિરીઝ તેના નિર્ધારીત સમય 17થી 29 નવેમ્બર દરમિયાન લાહોરમાં રમાશે. PCBના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે તેઓ અફઘાનિસ્તાનની જગ્યાએ રિપ્લેસમેન્ટ ટીમને સામેલ કરવા માટે અન્ય બોર્ડ સાથે વાતચીત કરી રહ્યા છે. સિરીઝમાં ત્રીજી ટીમ શ્રીલંકા છે.

અધિકારીએ કહ્યું, 'અફઘાનિસ્તાન ન રમે તો પણ સિરીઝ સમયસર યોજાશે. અમે રિપ્લેસમેન્ટ ટીમ શોધી રહ્યા છીએ અને તેને અંતિમ સ્વરૂપ આપ્યા પછી તેની જાહેરાત કરીશું. ત્રીજી ટીમ શ્રીલંકા છે, અને ટુર્નામેન્ટ 17 નવેમ્બરથી શરૂ થશે.'

# વર્લ્ડ જૂનિયર ચેમ્પિયનશીપ: તન્વી શર્મા ફાઈનલમાં

**સાયના** નેહવાલ અને અપર્ણા પોપટ પછી આ ટુર્નામેન્ટની ફાઇનલમાં ક્વોલિફાય થનારી તન્વી ત્રીજી ભારતીય મહિલા ખેલાડી

ગુવાહાટી, તા. 18 (પીટીઆઈ): ભારતની ટોચની ક્રમાંકિત તન્વી શર્માએ ચીનની લિયુ સી યા વિરૂદ્ધ મજબૂત પ્રદર્શન કરતા શનિવારે અહીં બીડબ્લુએફ વર્લ્ડ જૂનિયર ચેમ્પિયનશીપની ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી હતી.

સોળ વર્ષની તન્વીએ તેની પ્રતિસ્પર્ધીને 15-11, 15-9થી હરાવી હતી. આમ, તે ભૂતપૂર્વ વિશ્વ નંબર વન સાયના નેહવાલ અને અપર્ણા પોપટ પછી આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ક્વોલિફાય થનારી ત્રીજી ભારતીય મહિલા ખેલાડી બની.

તન્વી હવે ફાઈનલમાં થાઈલેન્ડની બીજી ક્રમાંકિત અન્યાપત પિચિતપ્રીચાસકનો સામનો કરશે. બીજી સેમિફાઈનલમાં પિચિતપ્રીચાસકે એક ગેમ ગુમાવ્યા બાદ વાપસી કરીને તેના જ દેશની યાતાવિમિન કેટક્લિએંગને 10-15, 15-11, 15-5થી હરાવી હતી.

તન્વીએ 17 વર્ષમાં પહેલી વખત ભારતનો પ્રથમ વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ મેડલ સુનિશ્ચિત કર્યો હતો.

મેચ બાદ તન્વીએ કહ્યું, 'આજે મને ખૂબ જ આરામદાયક લાગ્યું અને હું જે રીતે રમી તેનાથી હું ખૂબ જ ખુશ છું. બીજી ગેમમાં 12-4ના સ્કોર પર મેં થોડી ભૂલો કરી હતી પરંતુ કોચની સલાહથી હું વાપસી કરવામાં સફળ રહી.'

# કેનેડાની લૈલા ફર્નાન્ડીઝ જાપાન ઓપનની ફાઈનલમાં

**આજે** રમાનારી ફાઇનલમાં લૈલાનો મુકાબલો ક્વોલિફાયર ટેરેઝા વેલેન્ટોવા સામે થશે

ઓસાકા (જાપાન), તા. 18 (એપી): શનિવારે અહીં જાપાન ઓપન ટેનિસ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવા માટે કેનેડાની લૈલા ફર્નાન્ડીઝે કેટલીક મુશ્કેલ ક્ષણોને પાર કરીને 35 વર્ષીય સોરાના સિર્સિયાને 6-1, 2-6, 6-4થી હરાવી હતી. આશ્ચર્યજનક રીતે ટુર્નામેન્ટમાં લૈલા છેલ્લી ક્રમાંકિત ખેલાડી બચી છે.

ફર્નાન્ડીઝે નિર્ણાયક સેટમાં 4-4થી સોરાનાની સર્વિસ તોડી અને પછીની ગેમમાં પોતાની સર્વિસ જાળવી રાખીને ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.

ચોથી ક્રમાંકિત કેનેડિયન ખેલાડી ફાઈનલમાં 18 વર્ષીય ક્વોલિફાયર ટેરેઝા વેલેન્ટોવા સામે ટકરાશે. વેલેન્ટોવાએ અન્ય સેમિફાઈનલમાં જેક્લીન ક્રિસ્ટિયનને 6-7(3), 6-4, 6-3 થી હરાવી. ફાઈનલ રવિવારે રમાશે.

આજે મહિલા વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ સામે મહત્વપૂર્ણ મેચ

# ભારતીય ટીમે બોલિંગ સંયોજનમાં સુધારાની જરૂર

**ભારતે** બોલિંગ આક્રમણને સંતુલિત કરવા માટે છઠ્ઠી બોલરને ઉમેરવી પડશે

**ટોચના** ક્રમની બેટર્સનું નબળું ફોર્મ પણ ચિંતાનો વિષય

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ બપોરે 3.00 વાગ્યાથી

ઈન્દૌર, તા. 18 (પીટીઆઈ): સતત બે હાર બાદ પોતાના અભિયાનને પાટા પર લાવવાના દબાણ હેઠળ, ભારતીય ટીમે રવિવારે ઈંગ્લેન્ડ સામેની મહત્વપૂર્ણ મહિલા વર્લ્ડકપ મેચમાં બોલિંગ આક્રમણને સંતુલિત કરવા માટે છઠ્ઠા બોલરને ઉમેરવા અંગે વિચારવું પડશે.

વિશાખાપટ્ટનમમાં દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામે હાર્યા બાદ સેમિફાઈનલમાં પહોંચવાની ભારતની આશાઓને મોટો ફટકો પડ્યો છે.

આ વર્લ્ડકપ સિઝનમાં, ભારતે પાંચ બેટ્સમેન, એક વિકેટકીપર અને પાંચ બોલરોને રમવાની રણનીતિ અપનાવી છે, જેમાં ત્રણ ઓલરાઉન્ડર છે. જો કે, આ સંયોજન વર્લ્ડકપમાં સારું કામ કરી શક્યું ન હતું, અને હવે ભારતે બાકીની કરો યા મરો મેચોમાં તેના પર પુનર્વિચાર કરવો પડશે. સેમિફાઈનલમાં સ્થાન મેળવવાની દાવેદારીમાં રહેવા માટે, ભારતે કોઈપણ કિંમતે ત્રણમાંથી બે મેચ જીતવી પડશે.

ઓલરાઉન્ડરોને રમાડીને બેટિંગમાં ઊંડાણ પૂરું પાડવાની ભારતની રણનીતિને કારણે વિકેટ લેનાર બોલર રેણુકા સિંહ કરતાં અમનજોત કૌરને લેવામાં આવી છે. રેણુકાની ગેરહાજરીએ ભારતના આક્રમણને એકવિધ બનાવ્યું છે, અને વિવિધતા પૂરી પાડવા માટે તેને સામેલ કરવાની જરૂર પડશે. આનાથી બિનઅનુભવી અને યુવાન ક્રાંતિ ગૌડ પર દબાણ આવે છે, જેમણે અત્યાર સુધી સારી બોલિંગ કરી છે.

ડાબોડી સ્પિનર રાધા યાદવ અથવા ઝડપી બોલર અરુંધતી રેડ્ડી પણ વિકલ્પો છે.

ટોચના ક્રમની બેટર્સનું નબળું ફોર્મ પણ ચિંતાનો વિષય છે. સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલે ઓસ્ટ્રેલિયા સામે અડધી સદી ફટકારી હતી, પરંતુ કેપ્ટન હરમનપ્રીત કૌર અને જેમીમા રોડ્રિગ્સ ફાળો આપવામાં નિષ્ફળ ગઈ હતી.

ઈંગ્લેન્ડ અત્યાર સુધી અણનમ રહ્યું છે, પરંતુ તેની બેટર્સે સારું પ્રદર્શન કર્યું નથી. ઈંગ્લેન્ડની બોલરોએ અત્યાર સુધી મેચ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સેમિફાઈનલમાં પહોંચવા માટે ઈંગ્લેન્ડને ફક્ત એક જીતની જરૂર છે.

### પલાશ મુછલે સ્મૃતિ મંધાના સાથે લગ્ન કરવાની પુષ્ટી કરી

ઈન્દૌર, તા. 18: ભારતીય મહિલા ક્રિકેટ ખેલાડી સ્મૃતિ મંધાના ટૂંક સમયમાં ઇન્દોરની પુત્રવધૂ બનશે, એમ સંગીતકાર અને ફિલ્મ નિર્માતા પલાશ મુછલે જણાવ્યું છે, જેનાથી સ્ટાર બેટર સાથેના તેના સંબંધો અંગે અટકળો વધુ વેગ પકડ્યો છે.

મીડિયા અહેવાલ લાંબા સમયથી મુછલ અને મંધાના વચ્ચેના સંબંધ વિશે અટકળો લગાવી રહ્યા છે, જેઓ ઘણીવાર સોશિયલ મીડિયા પર શેર કરાયેલા ફોટામાં સાથે જોવા મળે છે. જોકે, બંનેએ ક્યારેય જાહેરમાં કપલ હોવાની પુષ્ટિ કરી નથી. શુક્રવારે સ્ટેટ પ્રેસ ક્લબ ખાતે એક કાર્યક્રમ દરમિયાન, ઇન્દોરના રહેવાસી મુછલને મંધાના સાથેના તેમના સંબંધો અને તેની સાથે જોડાયેલી યાદો વિશે પૂછવામાં આવ્યું. 'તે ટૂંક સમયમાં ઇન્દોરની પુત્રવધૂ બનશે... હું એટલું જ કહેવા માગુ છું', એમ તેણે પત્રકારોને જણાવ્યું.

30 વર્ષીય સંગીતકારે પછી સ્મિત કરતા કહ્યું 'મેં તમને હેડલાઇન આપી દીધી છે.' ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ-કેપ્ટન અને ઓપનિંગ બેટ્સમેન મંધાના હાલમાં રવિવારે ઈંગ્લેન્ડ સામેની મહિલા વર્લ્ડકપ મેચ માટે ઇન્દોરમાં છે.

રણજી રાઉન્ડ અપ

## સૌરાષ્ટ્રએ દ્રઢતાપૂર્વક બેટિંગ કરી મેચ ડ્રો કરાવી

રાજકોટ, તા. 18 (પીટીઆઈ): રણજી ટ્રોફી એલીટ બી મેચમાં કર્ણાટકે પોતાનો બીજો દાવ જલ્દી જાહેર કરવામાં ખચકાટ અનુભવ્યો, જેના કારણે શનિવારે ચોથા અને અંતિમ દિવસે સૌરાષ્ટ્રને ઓલઆઉટ કરવા માટે પૂરતો સમય મળ્યો નહીં, જેના કારણે મેચ ડ્રો રહી. પ્રથમ ઇનિંગમાં ચાર રનની લીડના આધારે, સૌરાષ્ટ્રે ત્રણ પોઈન્ટ મેળવ્યા, જ્યારે કર્ણાટકને એક પોઈન્ટથી સંતોષ માનવો પડ્યો. કર્ણાટકે સૌરાષ્ટ્રને લગભગ દોઢ સત્રમાં જીત માટે 229 રનનો લક્ષ્યાંક આપ્યો. શ્રેયસ ગોપાલની સ્પિન બોલિંગ સામે 13મી ઓવરમાં 43 રનમાં ચાર વિકેટ ગુમાવ્યા બાદ સૌરાષ્ટ્ર મુશ્કેલીમાં મુકાયું હતું, શ્રેયસ ગોપાલે પ્રથમ ઇનિંગમાં આઠ વિકેટ લીધી હતી. ગજ્જર સમ્મર (અણનમ 43, 110 બોલ) અને જય ગોહિલે (41 રન, 73 બોલ) લગભગ 26 ઓવર સુધી દૃઢતાપૂર્વક બેટિંગ કરી, 81 રન ઉમેરીને ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢી હતી. જો કર્ણાટકે એક કલાક પહેલાં પણ પોતાનો દાવ ડિક્લેર કર્યો હોત તો તેના બોલર્સ પાસે સૌરાષ્ટ્રને ઓલઆઉટ કરવાની પૂરી તક મળતે.

## ઝારખંડે ભૂતપૂર્વ ચેમ્પિયન તમિલનાડુને ઈનિંગ્સ અને 114 રનથી હરાવ્યું

કોયમ્બટુર, તા. 18: શનિવારે રણજી ટ્રોફી ગ્રુપ-A મેચમાં ઝારખંડે ભૂતપૂર્વ ચેમ્પિયન તમિલનાડુને એક ઇનિંગ્સ અને 114 રનથી હરાવ્યું, જેમાં પોતાની ફર્સ્ટ ક્લાસ મેચ રમી રહેલા યુવા ઓફ સ્પિનર રિષવ રાજે ચોથા અને અંતિમ દિવસે ચાર વિકેટ લીધી. ગઈકાલે જ્યારે તેઓએ તમિલનાડુને ફોલોઓન કરવાનું કહ્યું ત્યારે ઝારખંડનો વિજય લગભગ નિશ્ચિત હતો. 24 વર્ષીય રિષવે અંતિમ દિવસે વધુ બે વિકેટ લીધી, તેણે પોતાના ડેબ્યૂમાં 49 રનમાં 4 વિકેટ લીધી. ઝારખંડના પ્રથમ ઇનિંગ્સના કુલ 419 રનના જવાબમાં, તમિલનાડુ 93 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. તમિલનાડુએ બીજા ઇનિંગ્સમાં 212 રન બનાવ્યા. ઝારખંડના કેપ્ટન ઇશાન કિશને 173 રનની ઇનિંગ્સ સાથે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યો.

## શમીની ચાર વિકેટની મદદથી બંગાળ જીત્યું

કોલકાતા, તા. 18 (પીટીઆઈ): શનિવારે રણજી ટ્રોફી ગ્રુપ સી મેચમાં બંગાળને ઉત્તરાખંડ સામે આઠ વિકેટથી જીત અપાવવામાં ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ચાર વિકેટ લીધી હતી. ઉત્તરાખંડે અંતિમ દિવસે બે વિકેટે 165 રનથી રમત ફરી શરૂ કરી હતી, જેમાં કેપ્ટન કુણાલ ચંદેલા 68 અને ભૂપેન લાલવાણી 12 રન બનાવીને રમી રહ્યા હતા.

જોકે, શમી પોતાની લયમાં આવતા જ ઉત્તરાખંડે પોતાની લય ગુમાવી દીધી હતી. ભારતીય ટીમમાંથી બહાર રહેલા શમીએ સવારની પરિસ્થિતિનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો, 24.4 ઓવરમાં 38 રન આપીને 4 વિકેટ લીધી હતી, જ્યારે આકાશ દીપ અને ઇશાન પોરેલે બે-બે વિકેટ સાથે ઉત્તમ સહયોગ આપ્યો હતો. બાદમાં 156 રનના લક્ષ્યાંકનો પીછો કરતા બંગાળે 29.3 ઓવરમાં જ વિજય મેળવ્યો હતો.

## બરોડાએ ઓડિશાને સાત વિકેટથી હરાવ્યું

કટક, તા. 18: કટકમાં બરોડાએ ઓડિશાને સાત વિકેટથી હરાવ્યું. ઓડિશાએ પ્રથમ ઇનિંગમાં 271 રન બનાવ્યા હતા, જ્યારે બરોડાએ સાત વિકેટે 413 રન બનાવીને દાવ ડિક્લેર કર્યો હતો. બીજી ઇનિંગમાં ઓડિશા 174 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બરોડાના મહેશ પિઠિયાએ 63 રનમાં છ વિકેટ અને ભાર્ગવ ભટ્ટે ત્રણ વિકેટ લીધી હતી. બરોડાએ જીત માટે 36 રનનો લક્ષ્યાંક ફક્ત ત્રણ વિકેટે હાંસલ કર્યો હતો.

## ગુજરાતે આસામને ડ્રો પર અટકાવ્યું

અમદાવાદ, તા. 18: અમદાવાદમાં, યજમાન ગુજરાતે આસામ સાથે ડ્રો રમી હતી, આસામે દિવસની શરૂઆત ત્રણ વિકેટે 28 રનથી કરી હતી અને છ વિકેટે 192 રન બનાવ્યા હતા.

મુખ્તાર હુસૈન (44), સુમિત ઘડીગાંવકર (37), નવમા ક્રમે શિબાશંકર રોય (અણનમ 39) અને દસમા ક્રમે સ્વરૂપમ પુરકાયસ્થે (અણનમ 44) મેચ ડ્રો કરાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# સુલ્તાન જોહોર કપ: ભારતને હરાવી ઓસ્ટ્રેલિયા બન્યું ચેમ્પિયન

**ફાઈનલમાં** ઇયાન ગ્રોબેલરે બે ગોલ કરી ઓસ્ટ્રેલિયાને 2-1થી જીતવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી

**ભારતે** અંતિમ મિનિટમાં સતત છ પેનલ્ટી કોર્નર મેળવ્યા, પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યું

જોહોર બાહરુ (મલેશિયા), તા. 18 (પીટીઆઈ): શનિવારે ઓસ્ટ્રેલિયાએ ભારતને 2-1થી હરાવીને ત્રીજી વખત સુલ્તાન ઓફ જોહર કપ અંડર-21 હોકી ટુર્નામેન્ટ જીતી, જેનું મુખ્ય કારણ ઇયાન ગ્રોબેલરના બે ગોલ હતા.

ગ્રોબેલરે પ્રથમ ક્વાર્ટરના અંત પહેલા 13મી મિનિટે શાનદાર ડ્રેગ-ફ્લિક સાથે ઓસ્ટ્રેલિયાના સ્કોરિંગની શરૂઆત કરી.

ત્રણ વખતના ભૂતપૂર્વ ચેમ્પિયન ભારતે બીજા ક્વાર્ટરમાં અનમોલ એક્કાના શાનદાર પ્રદર્શનથી વાપસી કરી. અનમોલે 17મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને મેચ 1-1થી બરાબર કરી દીધી.

ત્રીજો ક્વાર્ટર ગોલ રહિત રહ્યો, જેના કારણે બંને ટીમો અંતિમ 15 મિનિટ સુધી બરાબરી પર રહી.

રમત રોમાંચક નિષ્કર્ષ પર પહોંચતા, ઓસ્ટ્રેલિયાએ ફક્ત બે મિનિટ બાકી રહીને મેચનો 11મો પેનલ્ટી કોર્નર મેળવ્યો. ગ્રોબેલરે પોતાનો બીજો ગોલ કરીને ઓસ્ટ્રેલિયા માટે 2-1થી વિજય મેળવ્યો.

ભારતે અંતિમ મિનિટમાં સતત છ પેનલ્ટી કોર્નર મેળવ્યા, પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યું. ઓસ્ટ્રેલિયાના ગોલકીપર, મેગ્નસ મેકકોસલેન્ડે આવા પ્રસંગોએ શાનદાર પ્રદર્શન કર્યું, ભારતની આશાઓ પર પાણી ફેરવવા માટે મહત્વપૂર્ણ બચાવ કર્યા.

## આજનું પંચાંગ

**તા. 19/10/2025, રવિવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** આસો
**તિથિ:** વદ: તેરસ:13:૫૨ પછી શિવરાત્રી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 27
**યોગ :** ઐન્દ્ર **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** ઉ.ફા. 17:50
**રાશિ:** કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** અશુભ કાળી ચૌદસ
**સુરતમાં સૂર્યોદય :** 06:37 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:11
**નવકારસી :** 07:25
**પારસી વર્ષ :** 1395, ખોરદાદ માસનો 06ઠ્ઠો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રબીઉલ આખર માસનો 26મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:30 થી 18:00 સુધી

**મેષ (અ.લ.ઇ.):** જૂના દર્દો પરેશાન કરશે. પડવા-વાગવાથી સાવધાન ખર્ચા વધશે. માનસિક અશાંતિ વધશે. વિવાદ ટાળવો.
**વૃષભ (બ.વ.ઉ.):** જીવનસાથી સંતાન મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. મોજ-શોખ-ખાણી-પીણીના ધંધામાં લાભ.
**મિથુન (ક.છ.ઘ.):** જમીન, મકાન ઓફિસ વગેરેની ખરીદીની યોજના બને. પરિવાર મિત્રોનો સાથ મળે.
**કર્ક (ડ.હ.):** વિચારોમાં અટવાયેલા રહેવાનું બને. મિત્રો વગેરેની સલાહ લેવી. નોકરી ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે.
**સિંહ (મ.ટ.):** વાણી વ્યવહાર કુશળતા

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

માર્કેટીંગના કામમાં સફળતા અપાવશે. ધીરજ રાખવી. વિવાદ ટાળવો.
**કન્યા (પ.ઠ.ણ.):** મન અશાંતિ છતાં ક્રિએટીવ રહેવાથી કામ-કાજમાં વિલંબ જોવા મળે. વાહન ધીમે હાંકવું.
**તુલા (ર.ત.):** અચાનક બિન જરૂરી ખર્ચા આવી પડે. પ્રવાસમાં છેતરાઇ જઇ શકાય. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે.
**વૃશ્ચિક (ન.ય.):** મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધે. સંતાન જીવન સાથી સાથે મનોરંજન થાય. આવક માટે નવી તક મળે.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** નવા કામ મળે. સમાજ કે જાહેર જીવનમાં અશાંતિ વધે. વિરોધીઓથી સાવધાન. નોકરીમાં જવાબદારી વધે.
**મકર (ખ.જ.):** વિદેશનાં કામમાં વિઘ્નો આવે. ઉચ્ચ શિક્ષણ માટે મદદ મળે. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય.
**કુંભ (ગ.સ.શ.ષ.):** આંખની કાળજી રાખવી પડવા-વાગવાથી સાવધાન. આવક વધારવા માટે વડીલોની મદદ મળે.
**મીન (દ.ચ.ઝ.થ.):** ઘરમાં આવન-જાવનથી અશાંતિ પેદા થાય. રોજના કામમાં વિલંબ થાય. શુભ-સમાચાર મળે.

### કોઈ પણ સાલમાં 19 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહની સાથે જવાબદારી અને ચડતી-પડતીનો અનુભવ વધુ કરાવશે. નવા ફેરફાર બોજ વધારે. સ્થાન ફેરથી અશાંતિ પેદા થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજી અને નવી નિતી પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધે. સમાજમાં અશાંતિ અને કુટુંબની અપેક્ષાઓ વધે. ઉમર લાયકને યોગ્ય પાત્ર મળે. નવા, ઘર, વાહન, મકાન બાબતે વડીલોની મદદથી પ્રગતિ થાય. સંતાનોના કામમાં મિત્રોનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીનના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની મહેનત વધે. વિદેશના કામ ધીમા પડે. પ્રેમ વિવાહમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી અટકે. યાત્રા પ્રવાસ, ધર્મ કર્મથી શાંતિ મળે. જુલાઇ-ઓગસ્ટમાં નવી યોજના પાર પડવાથી શાંતિનો અનુભવ થાય. નવેમ્બર-ડિસેમ્બરમાં આરોગ્યના ખર્ચા વધશે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કમરનો દુખાવો

લસણની સાત થી દસ કળીઓ છોલી, કાપી લો. બે ચમચી ઘી માં ધીમા તાપે સહજ રંગ બદલાય ત્યાં સુધી તળો. બપોરે, રાત્રે તમારા ભોજનમાં આનો ઉપયોગ કરો. સ્વાદિષ્ટ હોય છે. મીઠું ઉમેરી શકાય.

## અનુસંધાન... પાના પહેલાનું

### પા